# સામાજિક સમરસતાની મહાનદી-વિશ્વ હિન્દુ પરિષદ

– વીરેશ્વર દ્વિવેદી

કેન્દ્રીય મંત્રી અને મુખ્ય પ્રવક્તા, વિહિપ.

લગભગ પાંચ દશક પહેલા, જન્માષ્ટમીના દિવસે સ્થાપવામાં આવેલ વિશ્વ હિન્દુ પરિષદ સામાજિક રૂપાંતરણને સમર્પિત એક સેવાભાવી સંગઠન છે, જેમાં હિન્દુ ચિંતનની પારંપરિક સમતા, મમતા અને સમરસતા પર ભાર આપીને ન્યાય આધારિત સમગ્ર સમરસ વિકાસની કલ્પના કરવામાં આવી છે. લગભગ ત્રણ દશકથી રાષ્ટ્રીય પુનર્જાગરણ અને સાંસ્કૃતિક મુક્તિ અભિયાનો પર ભાર આપવાના કારણે વિહિપની છબી કાંઈક એકાંગ જેવી બની ગઈ છે, પરંતુ તે હિમશીલા પર દેખાતું નાનું શિખર માત્ર જ છે. તેને ખરા અર્થમાં સમજવા માટે રાષ્ટ્ર જીવનના ૧૨ વિવિધ ક્ષેત્રોમાંની તેની કામગીરી પર વિહંગમ દ્રષ્ટિ નાખવી પડશે. પોતાના ૭૬ હજાર એકમો અને ૩૮ હજાર સત્સંગ કેન્દ્રોના માધ્યમથી આ પરિષદ ઉપેક્ષિત, પીડીત અને દુઃખી બંધુઓના કષ્ટ દૂર કરવા અને સામાજિક સમરસતાની નદી વહેડાવવા માટે ઝુગ્ગી-ઝોંપડીઓમાં, વનવાસી, ગિરીવાસી ક્ષેત્રોમાં કામરૂપથી કાઠિવાડ તથા કાશ્મીરથી કન્યાકુમારી સુધી ૮ હજાર ૫૧૩ પ્રકલ્પોનું સંચાલન કરી રહી છે. તેમાં શિક્ષણ (૩૨૬૬), સ્વાસ્થ્ય (૧૩૦૩), સ્વાવલંબન (૯૫૯), સામાજિક (૨૭૧) તથા સામાજિક સેવા(૨૭૧૭)પ્રકલ્પોનો સમાવેશ થાય છે.

**પરિવર્તનનું સુફળ :** સમગ્ર હિન્દુ સમાજને આત્મીયબદ્ધ કરવા માટેની આકાંક્ષા પરિપૂર્ણ કરનારી વિહિપના સમરસતાના પ્રયાસોની શ્રૃંખલા ઘણી લાંબી છે. ન હિન્દૂ પતિતો ભવેત.(હિન્દુ ક્યારેય પતિત ન હોઈ શકે)ની સિંહગર્જના વિહિપના પ્રથમ રાષ્ટ્રીય સંમેલન (પ્રયાગ, ૧૯૬૬)માં જ કરી દેવામાં આવી હતી. ૫૦ હજાર પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં જ્યારે આ ઠરાવ રજુ થયો કે કોઈ કારણવશ ઈસ્લામ અથવા ખ્રિસ્તી ધર્મમાં ચાલ્યા ગયેલા આપણાં હિન્દુ બાંધવોને પુનઃ હિન્દુ ધર્મમાં પાછા લાવવામાં આવે, ત્યારે પુરીની તત્કાલીન શંકરાચાર્ય સ્વામી નિરંજન દેવતીર્થ દ્વારા એવું કહીને વિરોધ કરવામાં આવ્યો કે આપણા શાસ્ત્રોમાં આવા 'ભ્રષ્ટ' લોકોને પાછાં લાવવાની કોઈ વ્યવસ્થા નથી. શંકરાચાર્યની વાત કોણ કાપે ? એવા સમયે વિહિપના સંસ્થાપક ન્યાસી શ્રી માસ.સ.ગોળવલકર ગુરૂજીએ શંકરાચાર્યની વ્યક્તિગત મુલાકાત કરીને તેમને ધર્માન્તરણના કારણે હિન્દુ સમાજ સમક્ષ પેદા થયેલ સંકટોથી માહિતગાર કરવામાં આવ્યા. શંકરાચાર્યજી સહમત થયા અને પછીના દિવસે તેમણે સ્વયં એવું કહીને લોકોને ચોંકાવી દીધા કે આપણા બંધુઓને ભય, લાલચ અને દગાથી ધર્માંતરિત કરાવવામાં આવ્યા છે, તેથી તેમને પાછા લાવવા આપણો અધિકાર છે. અમે આવા બાંધવોનું પોતાના માતૃધર્મ(હિન્દુ ધર્મમાં)સ્વાગત કરીએ છીએ. પ્રસ્તાવ તાળીઓના પ્રચંડ ગડગડાટથી વધાવી લેવામાંઆવ્યો. ઉડુપીના મધ્વાચાર્ય સ્વામી વિશ્વેશતીર્થજી દ્વારા તે સમયે ઘોષણા કરવામાં આવી – ન હિંદુ પતિતો ભવ. (હવે હિન્દુ ક્યારેય ભ્રષ્ટ નહી થાય). તમામ ધર્માચાર્યોએ સહર્ષ સહમતી અને આશીર્વાદ આપીને આ ઘર-વાપસીને પરિવર્તન નામ આપ્યું.

'સમરસતા સેતુ'
વર્ષ-૨ અંક-૭

તંત્રી : દેવજીભાઈ જે. રાવત
સંપાદક મંડળ : નરેશ રાવત
ડૉ. રાજાભાઈ કાથડ
મધુકાંત પ્રજાપતિ
રશેષ રાવલ
બિપીન પંચાલ
પરામર્શ સમિતિ : ડૉ. પી. જી. જ્યોતિકર
પ્રો. રાજેશભાઈ શાસ્ત્રી
અશોક રાવલ
પૂ. સ્વામીશ્રી પી. સી. શાસ્ત્રી
ઉદયન પારેખ
રણછોડભાઈ સોલંકી
સ્નેહલ મહેતા (સ્ટ્રક્ચરલ એન્જી.)
અનુવાદક : જયંત દેસાઈ
કાનૂની સલાહકાર : હસમુખભાઈ પટેલ, એડ્.(ગુ.હા.કોર્ટ)
: મિનેશ વાઘેલા (એડ્.)

કાર્યાલય વ્યવસ્થા : રમેશકુમાર
'સમરસતા સેતુ' ધર્માદા દવાખાનું,
ગાંધી આશ્રમ પાસે, અમદાવાદ-૨૭.
E-mail : samrastasetu2010@gmail.com
Web : http:/vhp.org

**માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : દેવજીભાઈ જે. રાવત**
આર્ટલાઈન ઈમેજીસ પ્રા.લી., ૩, સૂર્યા કોમ્પલેક્ષ, ભુલાભાઈ પાર્ક, અમદાવાદ ખાતેથી છપાવી ધર્માદા દવાખાનું ગાંધી આશ્રમ, અમદાવાદ-૨૭ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Registered under Postal Registration No. GAMC-1760/2010-2012 valid upto 31st December-2012.
R.N.I. No.: GUJGUJ/2010/32670
Permitted to Post at AHD PSO on 16th of Every Month

ત્યારથી લઈને અત્યાર સુધી દેશના વિભિન્ન ભાગોમાં લાખો બંધુઓનું પરિવર્તન થઈ ચુક્યું છે. રાજસ્થાનમાં જ પૃથ્વીરાજના એક લાખ કરતાં વધુ વંશજોનું પરિવર્તન થયું છે. રાજસ્થાનના બ્યાવરનગરમાં પૃથ્વીરાજ ચૌહાણની કુળદેવી આશાપુરા માતાનું ભવ્ય મંદિર બનાવીને, તેને શ્રધ્ધા કેન્દ્રના રૂપમાં સ્થાપિત કરીને, સામાજિક સમરસતાની આ નદી વહી રહી છે. ૨૦૦ જિલ્લાના ૧૦,૦૦૦ ગામોમાં જીવંત સંપર્ક દ્વારા પરિષદે અત્યાર સુધી ૫૫ લાખ હિન્દુ ભાઈ-બહેનોને ધર્માન્તરિત થતાં બચાવ્યાં છે.

ડિસેમ્બર ૧૯૬૯માં ઉડુપીમાં સંપન્ન કર્ણાટક વિહિપ સંમેલન પણ સામાજિક સમરસતા-નિર્માણની પ્રગતિ યાત્રામાં એક મહત્ત્વપૂર્ણ સીમાચિન્હ છે. બારસો સ્થળોથી આવેલ ૧૫ હજાર પ્રતિનિધિઓને આશીર્વાદ આપવા ૪૦ સંપ્રદાયોના ધર્માચાર્યો ઉપસ્થિત હતા. ઉદ્‌ઘાટન સત્રની અધ્યક્ષતા કર્ણાટકના એક વિદ્વાન આઈ.એ.એસ. (નિવૃત્ત) તથા કર્ણાટક લોકસેવા આયોગના તત્કાલીન અધ્યક્ષ શ્રી આર. ભરનૈયાએ કરી હતી. વિહિપના ઉદ્દેશ્ય અનુરૂપ 'ભેદભાવ-રહિત તથા એકાત્મ હિન્દુ સમાજ નિર્માણ કરવા સાથે સંબંધિત ધર્માચાર્યોની હસ્તાક્ષરિત અપીલ વાંચ્યા પછી તથાકથિત અસ્પૃશ્ય સમાજના શ્રી ભરનૈયાએ સ્વયં પ્રસ્તાવ મૂક્યો કે ધર્માચાર્યોના ઉપરોક્ત નિર્દેશથી સહમત થઈને "આ સંમેલન હિન્દુ સમાજને અપીલ કરે છે કે તે ઉંચ-નીચ, સ્પૃશ્ય-અસ્પૃશ્ય જેવી ભેદભાવી ભાવનાઓનો ત્યાગ કરે અને પોતાના તમામ ધાર્મિક અને સામાજિક કાર્યો જાતિ, આસ્થા અને જન્મના ભેદભાવ વિના એકમેવ હિન્દુ ભ્રાતૃભાવના આધારે સંપન્ન કરે." જેવું આ ઠરાવ વાંચન પૂર્ણ થયું, કે સમગ્ર જનસમુદાય ખુશીથી ઝૂમીને સમર્થન કર્યું. પેજાવર સ્વામીએ ઘોષણા કરી કે - હિન્દવઃ સોદરાઃ સર્વે (અસ્પૃશ્યતાનું કલંક દૂર કરીને સૌ હિન્દુ સહોદરો છે.) આ દૃશ્ય જોઈને શ્રી ભરનૈયા એટલા અભિભૂત થયાં કે તેમણે અધિવેશન સમાપ્તિ સુધી રોકાઈ જવાનો નિશ્ચય કર્યો. વિહિપના પ્રેરણાસ્ત્રોત અને સંસ્થાપક ન્યાસી શ્રી ગુરુજીએ આ પ્રસ્તાવને જીવનમાં ઉતારવાનો આગ્રહ કર્યો.

**અસ્પૃશ્યતાને કોઈ સ્થાન નથી :**

હિન્દુ સમાજમાંથી અસ્પૃશ્યતા - ઉન્મૂલન માટે ૨૩ જાન્યુઆરી ૧૯૭૯ માં પ્રયાગ ખાતે આયોજિત દ્વિતીય વિશ્વ હિન્દુ સંમેલનમાં એવો નિર્દેશ આપવામાં આવ્યો કે :

૧) વિહિપની વિભિન્ન સમિતિઓમાં તમામ સ્તરે અનુસૂચિત જાતિના લોકોને સામેલ કરવામાં આવે. ૨) વિવાહ જેવાં ઉત્સવોમાં હરિજન બંધુઓને આમંત્રિત કરવાં જોઈએ. ૩) પરિષદના પ્રતિનિધિઓએ હરિજન બંધુઓના ઉત્સવોમાં ભાગ લેવો જોઈએ. ૪) હરિજનો પર અત્યાચારની ઘટના બને ત્યારે સંબંધિત પ્રાંત દ્વારા એક તથ્યાન્વેષણ સમિતિને ઘટના સ્થળે મોકલવી જોઈએ. આ સમિતિ તથ્યોને સમુચિત પરિપ્રેક્ષ્યમાં જનતા સમક્ષ મૂકે અને પીડિતોને ન્યાય આપવામાં સહયોગ કરે.

૫) પરિષદે અનુ. જાતિના સંત રવિદાસ, મહર્ષિ વાલ્મીકી જેવાં મહાપુરુષોની જયંતિઓ મનાવવી જોઈએ, અને હરિજન બંધુઓના આવાં કાર્યક્રમોમાં ભાગ લેવો જોઈએ. ૨૧ માર્ચ ૧૯૮૨ ના રોજ મુંબઈમાં પ્રન્યાસી મંડલની બેઠકમાં પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો કે વિહિપનો એવો વિશ્વાસ છે કે હિંદુ સમાજમાં આભડછેટ, દહેજ વિગેરે ખરાબીઓને કોઈ સ્થાન નથી. આવી ખરાબીઓ જ્યાં પણ જોવા મળે, ત્યાં તેને દૂર કરવા માટે તમામ પ્રયત્ન કરવાં જોઈએ. તમામ મત-સંપ્રદાયોના ધર્માચાર્યોએ ઘોષણા કરી કે આભડછેટ હિન્દુ ધર્મનું કોઈ અંગ નથી.

આવો આશય ધરાવતા ઠરાવો સન્ ૧૯૬૬, ૧૯૭૧, ૧૯૭૨, ૧૯૭૩, ૧૯૩ માં પણ પસાર કરવામાં આવ્યા હતા.

**જ્ઞાનરથમ્ યોજના :**

સામાજિક વિષમતા અને ભેદભાવના કારણે જ સન્ ૧૯૮૦ માં તામિલનાડુના તિરુનેલવલી જિલ્લાનું મીનાક્ષીપુરમ ગામ રાતો-રાત રહમતનગર બની ગયું હતું. કેમ કે ત્યાંના લગભગ એક હજાર ઉપેક્ષિત બંધુઓનું ધર્માન્તરણ કરીને મુસલમાન બનાવવામાં આવ્યા હતા. એવા સમયે વિહિપે કલકત્તાના એક ટ્રસ્ટનો સંપર્ક કરી ત્યાં ત્રણ વર્ષમાં બસો મંદિર બનાવડાવીને (ઉપેક્ષિત ક્ષેત્રોમાં) સમરસતાનું વાતાવરણ પેદા કર્યું અને ધર્માન્તરણને નિયંત્રિત કર્યું. ત્યારબાદ કેરાલા, રાજસ્થાન, ઝારખંડ તથા આંન્ધ્રમાં પણ શતાધિક મંદિરો બનાવવામાં આવ્યા, જેમાં વંચિતોને પૂજન-અર્ચનની સ્વતંત્રતા છે. આસામમાં વિહિપ દ્વારા સૌ પ્રથમ નગા મંદિર બનાવવામાં આવ્યું હતું.

સામાજિક સમરસતાનો સંદેશ ગામે-ગામ અને ઘેર ઘેર પહોંચાડવા માટે તામિલનાડુમાં સન્ ૧૯૮૪ માં જ્ઞાનરથમ્ યોજનાનો શુભારંભ વિહિપના તત્કાલીન મહામંત્રીશ્રી અશોક સિંઘલની ઉપસ્થિતિમાં કાંચી - શંકરાચાર્ય સ્વામી જયેન્દ્ર સરસ્વતીજી દ્વારા કાંચીપુરમમાં કરવામાં આવ્યો. ભગવાન કાર્તિકેયની મૂર્તિ ધરાવતા આ રથને પોતાની વચ્ચે જોઈએ અને પોતાના હાથોથી તેમના સ્પર્શ અને પૂજા-આરતી-અભિષેકનો અવસર પ્રાપ્ત કરીને આ બંધુઓએ ધન્યતા અનુભવી. ૨ વર્ષ પછી જનપ્રતિસાદથી પ્રોત્સાહિત થઈને તેને શક્તિરથમ્ (દેવીરથ)નું રૂપ આપીને ભ્રમણ નિરંતર ચાલી

રહ્યો છે. દરરોજ સવારે અને સાંજે એક-એક ગામમાં આ સમરસતા રથ તમિલનાડુની અનેક પરિક્રમાઓ પુરી કરીને પુનઃ તમામ ગામોમાં પહોંચી ગયો છે જેમાં ૮૦ ટકા ગામ ઉપેક્ષિત (હરિજન) બંધુઓના છે.

સ્નેહ અને ઉત્સાહનું એવું વાતાવરણ બન્યું છે કે સૂચના મળતાં જ તમામ ગ્રામવાસી એક-બે કિલોમીટર ચાલીને રથની આગેવાની કરે છે રથમા મૂર્તિને ઉઠાવીને મંદિર કે કોઈ યોગ્ય સાર્વજનિક સ્થાન પર મૂકે છે. ત્યારપછી દૂધ, મધ, નારિયેળ-પાણી વિગેરે દ્વારા અભિષેક કરે છે. આરતી અને અર્ચના (સામૂહિક ભજન) પછી ધર્મ-મહાત્મય પર પ્રવચન થાય છે અને અંતમાં સહભોજન થાય છે. આત્મિયતા અને સમરસતા સભર આ કાર્યક્રમ ત્રણ કલાક સુધી ચાલે છે. ક્યારેક આ રથ કેરાલા પણ જાય છે. આ જ રીતે ઉડીસા, આસામ, ઝારખંડ અને આંધ્રના પછાત વિસ્તારોમાં સ્થાનિય દેવતાઓવાળાં રથ કાઢવામાં આવ્યા છે. તેનાથી ત્યાંના સમાજમાં એવી ભાવના થઈ કે, ભગવાન સ્વયં તેમના દ્વારે આવ્યા, આમ હિન્દુ સમાજમાં ઉંચ-નીચનો કોઈ ભેદ નથી.

સન્ ૧૯૯૦ માં તમિલનાડુમાં ગ્રામ-પુજારી તાલીમ શરૂ થઈ. ૧૫ દિવસીય આ આવાસીય પ્રશિક્ષણમાં મંદિર નિર્માણ, પૂજા અને કર્મકાંડ શીખવવામાં આવે છે. અત્યાર સુધી પાંચ હજાર તથાકથિત હરિજન અને પછાત બંધુઓ પ્રશિક્ષિત થઈ ચૂક્યાં છે. અત્યાર સુધી જે કામ માત્ર બ્રાહ્મણો સંસ્કૃતમાં કરતા હતા, તે જ કામ આ વર્ગના લોકો પોતાની સ્થાનિક ભાષામાં કરવા લાગ્યા છે. તેમને કાંચી કામકોટિપીઠના શંકરાચાર્યજી જેવાં ધર્માચાર્યોનો આશીર્વાદ પ્રાપ્ત થયો છે. જગદગુરુ મધ્વાચાર્ય સ્વામી વિશ્વેશતીર્થજી તથા સ્વામી સન્યમિત્રાનન્દ ગિરિજી સહિત અને ધર્માચાર્યો એ વંચિત વસ્તીઓમાં પદયાત્રા દ્વારા સંદેશ આપ્યો કે હિન્દુ સમાજમાં બધાં સમુદાયો સમાન છે અને આભડછેટ અધાર્મિક વિચાર છે.

**સહભોજ અને સમરસ સમાજ :**

સમરસતાનું નિર્માણ કરી શકે એવા સૌથી શક્તિવાળી કાર્યક્રમ-સહભોજ નું આયોજન તો તમામ પ્રાન્તોમાં ચાલ્યા જ કરે છે. અમુક વર્ષો પહેલાં કાશીમાં સંત રવિદાસના આદિસ્થાન પર હજારો ઉપેક્ષિત બંધુઓ સાથે વિહિપ કાર્યાધ્યક્ષ શ્રી અશોક સિંહલે ખીચડી સહભોજમાં ભાગ લીધો હતો. માર્ચ ૧૯૯૯ માં વારાણસીમાં વિહિપ ધર્મસંસદના વિશેષ અધિવેશન દરમ્યાન ડોમરાજા દ્વારા દશાશ્વમેઘ ઘાટ પર આયોજિત સહભોજમાં મહંત અવેધનાથજી, મહંત નૃત્યગોપાલદાસજી, અશોક સિંહલ સહિત અને પરિષદ પદાધિકારીઓએ ભાગ લીધો હતો. રાજસ્થાનના બાંસવાડા નગરમાં દર વર્ષે ૬ ડિસેમ્બર ૨૫-૩૦ હજાર વનવાસી બંધુઓ સાથે ખીચડી ભોજ થાય છે. આ જિલ્લામાં ૯૦૦ સેવા પ્રકલ્પ ચાલે છે. ૧૪ જૂન ૨૦૦૩ના રોજ સુરત (ગુજરાત)માં એકલ વિદ્યાલયના ૧૦૦૦ વનવાસી બાળકોનો વિલક્ષણ, મનહર સાંસ્કૃતિક કાર્યક્રમ થયો હતો.

પરિષદના સમરસતા પ્રયાસોની નવીનતમ કડીના રૂપમાં સામાજિક સમરસતા અભિયાન છે, જેને વિહિપના કેન્દ્રીય મંત્રી શ્રી રામફલસિંહના નેતૃત્વમાં આરંભ આવ્યું હતું. ૫ સપ્ટેમ્બર ૨૦૦૪ માં પરિષદના કેન્દ્રિય કાર્યાલય દિલ્હીમાં દેશભરના ૮૦-૮૫ પ્રાધ્યાપકો, પત્રકારો, પૂર્વ પ્રશાસનિક અધિકારીઓ અને અધ્યેતાઓએ વિહિપ કાર્યધ્યક્ષ શ્રી અશોક સિંહલની ઉપસ્થિતિમાં ચિંતન કરીને નિષ્કર્ષ કાઢ્યો કે અસ્પૃશ્યતા મોગલકાળની દેન છે. જે લોકોએ મુસ્લિમ શાસકોની યાતનાઓ સહન કર્યા પછી પણ હિન્દુ ધર્મ ન છોડ્યો, તેમને જ અસ્પૃશ્ય જાહેર કરીને ગામમાંથી બહિષ્કૃત કરવામાં આવ્યા હતા. તેમને સ્વતંત્રતા સેનાની ઘોષિત કરીને સાર્વજનિક અભિનંદન વ્યક્ત કરવાં જોઈએ.

## સામાજિક સમરસતા અભિયાન પ્રેરિત અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિ વિદ્યાર્થીઓ માટે છાત્રાવાસ (હોસ્ટેલ) - જૂન ૨૦૧૨ થી પ્રારંભ થશે

અનુસૂચિત જાતિ અને અનુ. જનજાતિના ઉચ્ચ અભ્યાસ અર્થે અમદાવાદ શહેરની કોલેજમાં જેમને પ્રવેશ મળ્યો છે તેવા આર્થિક રીતે ગરીબ અને જરૂરિયાતવાળા બહારગામના વિદ્યાર્થીઓ માટે રહેવા-જમવાની સુવિધા સાથે છાત્રાવાસનો પ્રારંભ જૂન ૨૦૧૨ ના નવા સત્રથી પ્રારંભ કરવામાં આવશે. જરૂરિયાતવાળા SC/ST વિદ્યાર્થીઓએ પોતાના સર્ટિ.તથા કોલેજ પ્રવેશના પુરાવા સાથે નીચના સ્થળે સંપર્ક / પત્ર વ્યવહાર કરવો.

**સંચાલક : શ્રી દેવજીભાઈ જે.રાવત**

**સામાજિક સમરસતા અભિયાન**

કાર્યાલય-ધર્માદા દવાખાનું, ગાંધી આશ્રમ પાસે,
અમદાવાદ-૩૮૦૦૨૭
ફોન : ૦૭૯-૨૭૫૫૯૯૮૯/૦૯૯૨૫૨૦૩૫૩૧
E-mail : samrastasetu2010@gmail.com

# દલિત ઉદ્યોગ સાહસિકોમાં આત્મવિશ્વાસ પેદા કરવા માટે DICCI મદદ કરશે

**આંતરરાષ્ટ્રીય વડા, ઓસ્ટ્રેલીયન ચેપ્ટર CDICCI સૌ પ્રથમ, DICCI ના ઓસ્ટ્રેલીયન ચેપ્ટરના આંતરરાષ્ટ્રીય વડા DICCI ની સેવા કરવા માટે મને આવું બહુમાન આપવા બદલ DICCI નો હું આભાર વ્યક્ત કરું છું. DICCI એ મારામાં જે વિશ્વાસ અને શ્રધ્ધામૂક્યાં છે તેના માટે હું કૃતજ્ઞ છું.** **– ભારૂલત્તા કાંબલે**

ભારતમાં, DICCI ને હજુ માત્ર પાંચ જ વર્ષ થયાં છે. આવા ટૂંકા ગાળામાં, DICCI અસર ઊભી કરી રહી છે, જે એક સારી વાત છે. FICCI અને CII જેવી અગ્રણી વેપારી સંસ્થાઓ પણ હવે DICCI ને દલિત વ્યાવસાયિકોની એક માન્ય સંસ્થા તરીકે સ્વીકારી રહી છે. ભારતભરના દલિત ઉદ્યોગ-સાહિસકો પૂણે ખાતેના DICCI ના વડામથકનો સંપર્ક કરી રહ્યાં છે. ઘણાં રાજ્યો તરફથી DICCI ચેપ્ટરો લોન્ચ કરવાની ઓફરો મળી રહી છે, શ્રી મિલિન્દ કામ્બલેએ નવું સૂત્ર આપ્યું - 'From jobseekers, Let us turn into job givers'એટલે કે નોકરી શોધનારાઓમાંથી ચાલો હવે નોકરી આપનાર બનીએ. DICCI થકી દલિત ચળવળના ઈતિહાસમાં એક નવું પ્રકરણ શરૂ થયું છે ૨૧ મી સદીમાં આંબેડકરવાદનું વિસ્તરણ.

હું DICCI પર ગર્વ અનુભવું છું અને મારા ભારતીય મૂળનો પણ મને ગર્વ છે. ભૂતકાળમાં યુ.કે.માં વસવું અને હવે ઓસ્ટ્રેલીયામાં વસવું તેમ છતાં હું ભારત સાથે ગાઢપણે જોડાયેલ હોવાની લાગણી અનુભવું છું. જ્યારે પણ હું મુંબઈ એરપોર્ટ પર ઉતરું છું ત્યારે હું સકારાત્મકતા ઘડકનો અનુભવું છું અને ઘર જેવી અનુકૂળતા માણું છું. યુ.કે.માં જીવનનો મોટો ભાગ વિતાવ્યા પછી અને ઘણી રીતે બ્રિટીશ હોવા છતાં, હું હૃદયથી ભારતીય હોવાનો ગર્વ અનુભવું છું. ભારત અને ભારતીય સંસ્કૃતિ મારા હૃદયમાં છે. હું વિશ્વમાં જ્યાં પણ હોઉં ત્યાં સ્વયંને બ્રિટીશ ઈન્ડિયા તરીકે ઓળખ આપું છું.

DICCI ના ઓસ્ટ્રેલીયન હેડ તરીકે, હું વચન આપું છું કે ઓસ્ટ્રેલીયન DICCI ને પ્રોત્સાહિત કરવા માટે બધુ કરી છૂટીશ. મેં ઓસ્ટ્રેલીયાના રાજનીતિજ્ઞો સહિત ઘણાં મુખ્ય લોકો સાથે સંપર્ક કરીને તે દિશામાં કામ કરવાનું શરૂ કરી દીધું છું. ભારત અને ઓસ્ટ્રેલીયામાં ઘણી સમાનતાઓ છે જે સહકાર અને બહુઆયામી વ્યવહાર માટે પાયાનું કામ કરે છે. બંને પ્રબળ ધબકતાં, ધર્મનિરપેક્ષ અને બહુસાંસ્કૃતિક લોકતંત્રો છે.

૧૨મે ૨૦૧૧ ના રોજ, ટ્રેડ મિનિસ્ટર શ્રી કેગ એમરસન અને વાણિજ્ય અને ઉદ્યોગના ભારતીય મંત્રી શ્રી આનંદ શર્માએ ભારત અને ઓસ્ટ્રેલીયા વચ્ચે વ્યાપક આર્થિક સહયોગ કરારની પૂર્ણતા માટે ઔપચારિક વાર્તાલાપ કરેલ છે, ભારત-ઓસ્ટ્રેલીયન સહયોગની સંભાવના આંતર માળખાગત વિકાસ સહિત શેડ, પાર્ટસ, એરપોર્ટ્સ અને રેલ્વે, ઉર્જા ક્ષેત્ર, ખાણ, તેલ અને કુદરતી વાયુ, LNG, બાયો ટોકનેલોજી ડ્રગ્ઝ અને ફર્માસ્યુટીકલ્સ, ઈન્ફોર્મેશન ટેકનોલોજી વિગેરેમાં રહેલી છે. ભારતમાં ઓસ્ટ્રેલિયાના મૂડીરોકાણનું મૂલ્ય એપ્રિલ ૨૦૦૦ થી સપ્ટેમ્બર ૨૦૦૮ દરમ્યાન રૂ૧૯૯૮૩.૫ મિલિયન હતું એટલેક ૨૨૬.૦૨ અમેરિકન ડોલેર ભારતની તમામ મુખ્ય IT કંપનીઓ ઓસ્ટ્રેલિયામાં ઉપસ્થિત છે ગત વર્ષે ભારત દેશ ઓસ્ટ્રેલિયાના માલ માટે તેનો ચોથો સૌથી મહત્ત્વનો મુકામ હતો. ૬ઠ્ઠો સૌથી મોટો સર્વિસ પાર્ટનર હતો, પાંચમો સૌથી મોટો માલનો અને સર્વિસનો ટ્રેડીંગ પાર્ટનર હતો. હાલમાં ભારત દેશ ઓસ્ટ્રેલિયામાં નિકાસ કર્તા સૌથી મોટા નિકાસકારોમાંનો એક છે. ગત વર્ષ ઓસ્ટ્રેલિયામાં ભારતની નિકાસ ૧.૮૪ બિલિયન ડોલર હતી, જે છેલ્લા પાંચ વર્ષમાં સરેરાશ ૧૨.૮% વૃદ્ધિ દર્શાવે છે.

મારા મત મુજબ DICCI એક સુંદર વિચાર છે જે જરૂરી મંચ પુરો પાડે છે DICCI દલિત ઉદ્યોગસાહસિકોને એક અર્થપૂર્ણ સ્તરે જોડાણ કરવા અને સંબંધોને મજબૂત કરવા માટેનું એક વ્યૂહાત્મક પ્લેટફોર્મ પુરું પાડશે. DICCI એક મહત્ત્વપૂર્ણ પહેલ છે, અને પરસ્પર લાભ અને સહયોગ માટેનો નેટવર્કને ઉભું કરવા માટેની એક સુંદર તક છે. આ પહેલથી અદ્‌ભૂત વેપારી સંબંધો ઉભો થશે. મારા મત મુજબ, DICCI દલિત યુવાનોને તેમની પ્રગતિમાં આગળ વધવા માટે તથા ઉદ્યોગસાહસિકો તરીકે ધંધા-ઉદ્યોગમાં પ્રવેશ કરવા માટે સમર્થ બનાવશે.

મેં જોયું છે કે તક આપવાથી દલિત સમાજના યુવાનો અન્ય સમાજના ઉદ્યોગસાહસિકો કરતાં કોઈપણ મોરચે ઉણા ઉતરતા નથી. તેમની શ્રેષ્ઠતા પૂરવાર કરવામાં, તેમને તક અને અનુભવની ખોટ વર્તાય છે. DICCI દ્વારા આવાં સંભવિત ઉદ્યોગસાહસિકોને કોઈપણ પ્રકારના ભય કે અવગણના વિના આત્મવિશ્વાસમાં વધારો કરવા અને મુક્ત વિશ્વમાં પડકારોનો સામનો કરવા માટે ચોક્કસપણે

મદદ મળી રહેશે. હું માનું છું કે DICCI ઉભરતા ઉદ્યોગસાહસિકોમાં આત્મવિશ્વાસ વિકસાવવામાં મદદ કરશે. દલિત સાહસિકો બજારની અપેક્ષાઓ જ માત્ર પરિપૂર્ણ કરતાં નથી. પરંતુ તેનાથી પણ આગળ વધી શકે છે, તેવું પુરવાર કરતાં નથી, પરંતુ તેનાથી પણ આગળ વધી શકેછે, તેવું પુરવાર કરવા માટેના આત્મવિશ્વાસ જગાવવા માટે આવાં સાહસિકો DICCI દ્વારા સારી તકો પુરી પાડવામાં આવશે. આર્થિક સિમાડાઓ ખુલી જવાથી અને વૈશ્વિકરણના ઘસારાને કારણે દરેક વ્યક્તિ અને સંસ્થાએ તેના પોતાના બળ અને યોગ્યતા પર નિર્ભર કરવું પડે છે. સરકારની રોજગારીની તકો ભૂંસાઈ જવાથી દલિત યુવાનોએ પોતાના પગભર થવાનો પ્રયત્ન કરવો જોઈએ તથા સ્વ-રોજગારની તકો પેદા કરવી જોઈએ. સાહસ અને જ્ઞાન એવાં મહત્ત્વપૂર્ણ સંસાધનો છે જે તેમને પ્રગતિ કરવામાં મદદ કરશે.

## વાલ્મીકિ જયંતિ

**– રામુ વાઘેલા**

સમસ્ત વાલ્મીકિ વિકાસ સંઘ દ્વારા મહર્ષિ ભગવાન વાલ્મીકિજીનો દિનાંક ૧૧-૧૦-૧૧ ને મંગળવારના પવિત્ર દિવસે તેમની પાવન જયંતી ની ઉજવણી અમદાવાદ શહેર સરસપુર ખાતે ડૉ.બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે ભવ્ય રીતે અનેક પૂ.સંતો મહાનુભાવોની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. 'શ્રી રામાયણના રચયિતા મહર્ષિ ભગવાન વાલ્મીકિજી જેમણે ઋષિકુળ વાલ્મીકિ સમાજને ધર્મનિષ્ઠ બનાવ્યો છે તેવા મહાપુરુષની જયંતી કાર્યક્રમમાં જગદીશમંદીરના પ.પૂ.મહંતશ્રી દિલીપદાસજી મહારાજ તથા શ્રી ફકીરભાઈ વાઘેલા, મંત્રી શ્રી સામાજિક કલ્યાણ તથા અધિકારીતા વિભાગ તેમજ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરેકે મા. શ્રી રમણભાઈ વોરા, શિક્ષણ મંત્રી ગુજરાત રાજ્ય તેમજ શ્રી પુનમભાઈ મકવાણા ચેરમેન શ્રી ગુરૂ બહેચર સ્વામી અતિ પછાત બોર્ડ-ગુજરાત રાજ્ય, વિશ્વ હિંદુ પરિષદના શ્રી દેવજી રાવત સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી રામુભાઈ વાઘેલા, મહામંત્રી સમસ્ત વાલ્મીકિ વિકાસ સંઘ તથા શ્રી શાંતિલાલ મકવાણા તેમજ સૌ કાર્યકર્તાઓએ કાર્યક્રમને સફળ બનાવવા ખૂબ પરિશ્રમ કર્યો હતો. સમગ્ર ગુજરાતમાંથી ૫૦૦ થી વધારે પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી ધારશીભાઈ બેરડીયા તથા શ્રી હરીશભાઈ બેરડીયા કલાકર વૃંદ સાથે અનેક ભક્તિ સભા ભજન-ગીતો-મીમીક્રી કરી કાર્યક્રમને રસપ્રદ બનાવી સફળ બનાવ્યો હતો.

## હવે સમજાણું



જીવનભર આપણે આપણા માતા-પિતા પ્રત્યે કૃતજ્ઞ રહેવું જોઈએ. વ્યક્તિનું વલણ ઉંમર સાથે બદલાય છે, આવું અવાર-નવાર બને છે. પરંતુ માતા-પિતા પ્રત્યે આપણું વલણ વિશ્વાસ અને શ્રધ્ધાથી ભરેલું રહે એવી કોશિશ કરીએ.

એક અધ્યયન અનુસાર વલણના ફેરફારોને દર્શાવવામાં આવ્યાં છે.

- **૪ વર્ષની ઉંમરે :** મારા પિતાજી મહાન છે.
- **૬ વર્ષની ઉંમરે :** મારા પિતાજી બધું જાણે છે.
- **૧૦ વર્ષની ઉંમરે :** મારા પિતા ખૂબ સારા છે પરંતુ બહુ જલ્દી ગુસ્સે થાય છે.
- **૧૩ વર્ષની ઉંમરે :** મારા પિતા બહુ તુંડમિજાજી થતાં જાય છે.
- **૧૪ વર્ષની ઉંમરે :** પિતાજી જમાના સાથે ચાલતા નથી, બહુ જુના વિચારો ધરાવે છે.
- **૧૫ વર્ષની ઉંમરે :** પિતાજી તો સનકી બનવા લાગ્યા છે.
- **૨૦ વર્ષની ઉંમરે :** હે ભગવાન, હવે તો પિતાજીને સહન કરવું અઘરું થઈ રહ્યું છે, ખબર નહીં મા કેવીરીતે સહન કરી શકે છે.
- **૨૫ વર્ષની ઉંમરે :** પિતાજી મારી દરેક વાતનો વિરોધ કરે છે.
- **૩૦ વર્ષની ઉંમરે :** મારા બાળકને સમજવું અઘરું થતું જાય છે, જ્યારે હું નાનો હતો ત્યારે પિતાજીથી બહુ ડરતો હતો.
- **૪૦ વર્ષની ઉંમરે :** મારા પિતાજીએ મને બહુ શિસ્ત સાથે ઉછેર્યો છે. મારે પણ મારા બાળક સાથે આવું જ કરવું જોઈએ.
- **૪૫ વર્ષની ઉંમરે :** હું આશ્ચર્યચકિત છું કે કેવી રીતે મારા પિતાએ અમને મોટાં કર્યા હશે.
- **૫૦ વર્ષની ઉંમરે :** મારા પિતાએ અમને અહીં સુધી પહોંચાડવા માટે બહુ કષ્ટ ઉઠાવ્યા, જ્યારે કે હું મારી એકમાત્ર ઔલાદની સારી રીતે દેખરેખ પણ કરી શકતો નથી.
- **૫૫ વર્ષની ઉંમરે :** મારા પિતા બહુ દૂરદર્શી હતા. તેમણે અમારા માટે ઘણું બધું કર્યું હતું. તેઓ સ્વયંમાં એક ઉચ્ચ કોટિના માણસ હતા, પરંતુ હું તેમને સનકી સમજતો હતો.

# 'પોતાના જ ચક્રવ્યૂહમાં ફસી કેન્દ્ર સરકાર'

## સમજૌતા બ્લાસ્ટમાં નામ આવવાથી બોલ્યા આર.એસ.એસ.નેતા ઈંદ્રેશકુમાર

સંકલન : અમીત વ્યાસ

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની અખિલ ભારતીય કાર્યકારિણીનાં સદસ્ય અને વરિષ્ઠ નેતા શ્રી ઈંદ્રેશકુમારે કહ્યું કે કેન્દ્ર સરકાર તેના પોતાના જ ચક્રવ્યૂહમાં ફસાઈ રહી છે. સરકારે સ્વયં સમજૌતા બ્લાસ્ટ અને મક્કા મદીના વિસ્ફોટ સંબંધિત પ્રમાણ પુરાં પાડતી વખતે સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદ પાસે પાકિસ્તાનના લશ્કરે તૈયબા અને હુજી સંગઠનોને આતંકવાદી સંગઠન જાહેર કરાવ્યા હતા. હવે આ જ સરકારની તપાસ એજેન્સીઓ એક ષડયંત્રમાં દેશભક્તોને વિસ્ફોટમાં સામેલ બતાવીને પોતાના જ દસ્તાવેજોને જૂઠા પાડી રહી છે. કેન્દ્ર સરકાર પાકિસ્તાનમાં આતંકવાદી સંગઠનોને મદદ પહોંચાડવાનું કામ કરી રહી છે.

સમજૌતા બ્લાસ્ટમાં આરોપી અસીમાનંદ દ્વારા આપવામાં આવેલ બયાનમાં પોતાનું નામ આવવાથી ઈંદ્રેશકુમારે અમર ઉજાલા સાથેની વાતચીતમાં કહ્યું કે સરકારના ઘણાં નેતાઓ રાજનીતિક ષડયંત્રમાં અધિકારીઓનો દુરૂપયોગ કરીને તેમને અને સંઘ સાથે જોડાયેલ લોકો ને બદનામ કરવાનું કાવતરું કરી રહી છે. તેમણે કહ્યું કે ભ્રષ્ટાચાર, મોંઘવારી, અપરાધી ષડયંત્રો તથા મસમોટા ગોટાળાઓમાં ફસાયેલ કેન્દ્ર સરકાર "ભગવો આતંક" જેવા શબ્દોનો ઉપયોગ કરીને એક ઉંડા કાવતરાનું મહોરુ બની રહી છે. તે દેશભક્તો વિરુદ્ધ દેશમાં વાતાવરણ પેદા કરવાનું કામ કરી રહી છે. આ વિસ્ફોટકોમાં બદલાતી તપાસના કારણે હવે નૈતિકતા અને સંવૈધાનિકતા રહી નથી. જો સરકારમાં હિંમત હોય તો મુક્ત તપાસ કરાવે. કૈથલ નિવાસી ઈંદ્રેશકુમારે કહ્યું કે તેમને સમાચારપત્રોના માધ્યમથી જાણ થઈ છે કે અસીમાનંદના બયાન એક સીબીઆઈ અધિકારીની હાજરીમાં થયાં છે, જેનાથી શક પેદાં થાય છે તેમણે કહ્યું કે તેઓ દરેક તપાસનો સામનો કરવા માટે તૈયાર છે; પરંતુ શરત એટલી છે કે સરકાર નિષ્પક્ષ તપાસ કરાવે.

**સરકારને કરવામાં આવેલ છ સવાલ :**

૧. સરકારે સમજૌતા એક્સપ્રેસ, મક્કા મદીના વિસ્ફોટમાં સીમીના અસંખ્ય કાર્યકર્તાઓને જેલમાં પુર્યા છે, તે લોકોને શા માટે તપાસથી બહાર રાખવામાં આવ્યાં છે ?

૨. ત્રણ વર્ષથી રક્ષામંત્રી, ગૃહમંત્રી અને વિદેશમંત્રી એવું કહી શક્યાં છે કે સમજૌતા અને મક્કા મદીના વિસ્ફોટમાં પાકિસ્તાનના આતંકવાદી સંગઠનોનો હાથ છે, આ બયાન પણ તપાસ બહાર કેમ છે ?

૩. કેન્દ્ર સરકારને અમેરિકાની તપાસ એજન્સી સહિત સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદમાં સમજૌતા અને મક્કા મદિના વિસ્ફોટનો ઉલ્લેખ કરતી વખતે લશ્કરે તૈયબા અને હૂજી વિરુદ્ધ પુરાવા રજુ કર્યા જેના આધાર પર બંને સંગઠનો પર ૨૦૦૯ અને ૨૦૧૦માં આંતરરાષ્ટ્રીય સ્તર પર પ્રતિબંધ લાગ્યો. આ પુરાવા તપાસ બહાર કેમ છે ?

૪. માલેગાંવ વિસ્ફોટમાં કર્નલ પુરોહિત દ્વારા વિસ્ફોટની સાથે સાથે ઘણાં હિન્દુ યુવકોને ષડયંત્રમાં સામેલ કરવાની વાત સ્વીકાર કરી. આ વાત તપાસની બહાર કેમ રાખવામાં આવી ?

૫. કોંગ્રેસી નેતા દિગ્વિજય સિંહ તપાસ એજન્સીઓના સંપર્કમાં કેમ રહે છે ?

૬. કોંગ્રેસના મહામંત્રી રાહુલ ગાંધી વિશે વિકિલીક્સ દ્વારા કરવામાં આવેલ ખુલાસાને તપાસની બહાર કેમ રાખવામાં આવી રહ્યો છે ?

## અભિનંદન

**પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી**

**સમગ્ર ગુજરાત રાવત સમાજનું ગૌરવ**

મુળ વિસનગરના વતની અને હાલ આણંદ હાઈસ્કૂલમાં ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા શ્રી રાકેશકુમાર ડી.રાવતને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણની વિનયન વિદ્યાશાખાએ ગુજરાતી વિષયમાં પીએચ.ડી.ની પદવી એનાયત કરેલ છે. એમણે "મોહન પરમારનું વ્યક્તિત્વ અને વાઙમય : એક અભ્યાસ" વિષયે મહેસાણા આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજના એસોસિએટ પ્રોફેસર ડૉ. રાજેશ મકવાણાના માર્ગદર્શન અંતર્ગત પ્રસ્તુત શોધનિબંધ તૈયાર કરેલ હતો. શ્રી રાકેશ રાવત ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળની ગુજરાતી અભ્યાસક્રમ સમિતિમાં પણ સેવાઓ આપી રહ્યા છે.

'સમરસતા સેતુ' પરિવાર દ્વારા રાકેશકુમાર ડી. રાવતને જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભકામનાઓ સાથે અભિનંદન પાઠવે છે.

# એક સારી પહેલ

– રમેશ પતંગે

કર્ણાટક રાજ્યમાં હાલમાં જ એક અનોખી ઘટનાનો લોકોને અનુભવ થયો. હિંદુ સમાજને સદીઓથી અસ્પૃશ્યતાનું જે કલંક લાગ્યું હતું તેને મિટાવી દેવાની દૃષ્ટિએ આ એક મોટી પહેલ હતી. આ ઘટનામાં એક બાજુ બ્રાહ્મણ સંતે દલિત વસ્તીમાં પદયાત્રા કરી તો બીજી બાજુ દલિત સમાજના સંતે બ્રાહ્મણ વસ્તીમાં પદયાત્રા કરી. બંને વસ્તીઓમાં એકજ ભાવના જોવા મળી જે આ ઘટનાની વિશેષતા છે.

પેજાવર મઠના શ્રી વિશ્વેશતીર્થ સ્વામીજીએ દેવરાજ ઉર્સ કોલોનીમાં વસતા દલિત અને સફાઈ કામદાર લોકોમાં પદયાત્રા કરી. સ્વામીજીએ દલિતોને વૈષ્ણવ દીક્ષા પણ આપી. સ્વામીના સ્વાગત માટે કોલોની સજાવવામાં આવી હતી. લોકોએ પોતાના ઘરે સામે રંગોળીઓ રચી હતી. પોતાનો પારંપરિક વેશ પરિધાન કરીને, રસ્તાની બંને બાજુએ કતાર બનાવીને લોકો ઊભાં હતાં.જ્યારે સંતનું આગમન થયું ત્યારે ગુલાબની પાંખડીઓથી તેમનું સ્વાગત થયું. જળ ભરેલ પૂર્ણકુંભ લઈને દલિત મહિલાઓએ સ્વામીજીનું સ્વાગત કર્યું. સ્વામીજીએ દલિતબંધુઓના ઘરોમાં પ્રવેશ કરીને ભગવાનની મૂર્તિઓ સામે દીવા કર્યા અને પ્રાર્થના કરી. પદયાત્રાના સમાપનમાં પટ્ટદલમ્મમાં એક કાર્યક્રમ થયો. તેમણે એ વાત પર ભાર આપ્યો કે, બધા હિંદુ એક છે, અને તેમનામાં કોઈપણ પ્રકારનો ભેદભાવ રાખવો ખોટું છે દલિતો પર જો અન્યાય અત્યાચારની ઘટના બનશે તો સ્વામીજી ઉપવાસ કરશે એવું જણાવીને મદિરાપાન ત્યાગ કરવાનું આહવાન આપ્યું. દલિતોના નેતા પાલિની સ્વામીએ સ્વામીજી પ્રત્યે આદર સમ્માન દર્શાવીને કહ્યું કે અમે સફાઈ કર્મચારી છીએ. સ્વામીજીએ અમારી વસ્તીમાં આવીને જે પ્રેમ બતાવ્યો તેના માટે એમ હૃદયથી આભાર માનીએ છીએ. અમે એમની સલાહ ચોક્કસપણે માનીશું. અમને તો થયું કે ઉડીપીથી સાક્ષાત ભગવાન કૃષ્ણ અમારી વસ્તીમાં પધાર્યા છે.

આ જ રીતે દલિત સંતશ્રી મદારા ચનૈયાસ્વામીએ કૃષ્ણમૂર્તીપુરમની બ્રાહ્મણ વસ્તીમાં પદયાત્રા કરી. આવી આ પહેલી ઘટના છે. વિદ્યારણ્યપુરમના શ્રી નારાયણના બ્રાહ્મણ પરિવાર સાથે તેમણે નિવાસ કર્યો. આ પરિવારે તેમની પદપૂજા કરી. ચનૈયા સ્વામીજીની આ પહેલ વિશ્વેશતીર્થ સ્વામીજીએ સ્વાગત કર્યું.

ધર્માંતરણ વિશે બોલતાં ચનૈયા સ્વામીજીએ કહ્યું કે, દલિતો પર મંદિરોમાં પ્રવેશની પાબંદી લગાવી દેવાના કારણે તેવો ચર્ચ અને મસ્જિદો તરફ વળ્યા. કૃષ્ણમૂર્તીપુરમની પદયાત્રા દરમ્યાન સ્વામીજીનું બ્રાહ્મણ મહિલાએ જળનો પૂર્ણકુંભથી સ્વાગત કર્યું. તેમના પર પુષ્પવર્ષા કરી. બ્રાહ્મણ યુવાનોએ સ્વામીજીનું સ્વાગત કર્યું. જિલ્લા ઈન્ચાર્જ મંત્રી સુરેશકુમારે પદયાત્રાનું ઉદ્‌ઘાટન કર્યું. પદયાત્રામાં ધારાસભ્ય શ્રી એસ.એ.રામદાસ અને સંઘ કાર્યકર્તાઓએ ભાગ લીધો. સૌ પ્રથમ ચનૈયા સ્વામીજી રવિ હોયસલના ઘેર પધાર્યા. ત્યાં તેમનું સ્વાગત દંપતીઓએ કર્યું અને પદયાત્રામાં જોડાઈ ગયા. પ્રાર્થના પછી સ્વામીજી ગીત બુક હાઉસના માલિક પૂર્વ ધારાસભ્ય શ્રી સત્યનારાયણના ઘેર પધાર્યા. અન્ય ઘરોમાં પણ તેમનું અભૂતપૂર્વ સ્વાગત થયું. ભાસ્યમ સ્વામી અને ઈલાયા અલવાર સ્વામીએ પણ પદયાત્રામાં ભાગ લીધો.

ચનૈયા સ્વામીજીએ કહ્યું કે આ આયોજન અપેક્ષા કરતાં ઘણું સફળ થયું છે અને તેનાથી તેઓ આનંદ પામ્યા છે. બ્રાહ્મણ સમાજે દલિત સમાજના સંતનું અભિવાદન કર્યું તેથી ભેદભાવયુક્ત ભાવનાઓને દલિત સમાજે પણ મનમાંથી દૂર કરવી જોઈએ. જ્યારે બ્રાહ્મણ વસ્તીમાં પદયાત્રાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો ત્યારે મનમાં થોડો ગભરાટ હતો કે કેવી રીતે સંભવ બનશે. પરંતુ અસ્પૃશ્યતા દૂર કરવા માટે આ એક પહેલું કદમ સિધ્ધ થયું. પેજાવર મઠે આ સારૂં કાર્ય હાથમાં લીધું છે, તેમાં અવશ્ય સહયોગ આપવો જોઈએ. અયોધ્યામાં રામમંદિર બને તે માટે ઘણાં દલિતોએ સંઘર્ષ કર્યો છે. તેમને હિંદુ ધર્મમાં સમાનતાનું સ્થાન મળવું જોઈએ. બ્રાહ્મણ સમાજ સાથે ખાનપાન અને ઉઠવું, બેસવું, થવું જોઈએ.

પેજાવર સ્વામીજીએ કહ્યું કે, સવર્ણ અને હરિજન જેવી ભેદભાવની ભાવના સારી નથી. બધાંએ એકબીજા સાથે સમાનતાપૂર્ણ વ્યવહાર કરવો જોઈએ. દલિત વસ્તીમાં પદયાત્રા વખતે જ સ્વાગત થવું તે અવિસ્મરણીય છે. આ પ્રકારની પદયાત્રાઓ દેશભરમાં ઠેર ઠેર થવી જોઈએ. તેનાથી હિન્દુ ધર્મ વધુ સશક્ત બનશે. દુષ્ટ રૂઢિઓ વિરુદ્ધ તેઓ છેલ્લા શ્વાસ સુધી સંઘર્ષ કરશે. દલિતોએ ધર્માંતરણથી બચવું જોઈએ કેમ કે તેનાથી તેઓ પોતાની સભ્યતા, સંસ્કૃતિ અને સમાજથી પારકા થઈ જશે અને પોતાની અસ્મિતા ખોઈ બેસશે.

સંઘના પદાધિકારી શ્રી પ્રભાકર ભટ્ટે કહ્યું કે, જાતિને હથિયાર બનાવીને હિંદુ સમાજને વિભાજીત કરીને જ્યારે દુશ્મનો ષડયંત્ર રચી રહ્યાં છે ત્યારે આપણે સંગઠિત થવું જોઈએ એ સમયની માંગ છે. દલિતો આપણા સમાજના અભિન્ન અંગ છે. જુલ્મી મુગલ અને અંગ્રેજ શાસકોના કાળમાં દલિત સમાજે હિંદુ ધર્મની રક્ષા કાજે પોતાનું લોહી રેડ્યું હતું. જો એમ ન કર્યું હોત તો આજે હિંદુ મહિલાઓ બુરખામાં કેદ થઈ ગઈ હોત.

સપ્ટેમ્બર મહિનામાં આયોજિત આ કાર્યક્રમમાં આવી રીતે પેજાવર સ્વામી અને માદરા ચનૈયા સ્વામીએ સાથે મળીને ભેદભાવ અને વિષમતાની દુષ્ટ પ્રથાને હિંદુ સમાજમાંથી દૂર કરવા માટે પરસ્પર સહયોગની ભૂમિકા હાથમાં લીધી છે, જે હિંદુ એકતા માટે એક સારી પહેલ સિધ્ધ થઈ છે.

Registered under Postal Registration No. GAMC-1760/2010-2012
valid upto 31st December-2012. R.N.I. No.: GUJGUJ/2010/32670
PERMITTED TO POST AT AHD PSO ON 16TH OF EVERY MONTH

## આન્ધ્રપ્રદેશના વિજવાડા ખાતે સામાજિક સમરસતા અભિયાન દ્વારા ''સમરસતા યજ્ઞ'' અયોધ્યામાં રામમંદિર ત્વરીત બને તથા હિંદુ સમાજમાં ''સમરસતા નિર્માણ'' અર્થે ભવ્ય યજ્ઞનું આયોજન વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા કરવામાં આવ્યું હતું.



દિનાંક ૪, ૫, ૬ ઓક્ટો-૨૦૧૧ ના રોજ આંન્ધ્રપ્રદેશ વિજયવાડા શહેરમાં સામાજિક સમરસતા યજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ૧૦૮ કુંડી યજ્ઞમાં હિંદુ સમાજના પ્રત્યેક જાતિ-બિરાદરી માંથી પ્રતિનિધિ સજોડે ઉપસ્થિત રહી સામાજિક ઐક્યના દર્શન થયા હતા. કોઈપણ જાતિભેદ વગર પુરોહિત કર્મકાંડી બ્રાહ્મણો દ્વારા વેદ-વિધિ પરંપરા મુજબ યજ્ઞનો શુભારંભ પ્રાત: સવારે ૮.૩૦ વાગે હજારો ભક્તો-કાર્યકરો અને પૂ.સંતો ની ઉપસ્થિતિમાં થયો હતો. યજ્ઞમાં પ.પૂ.સ્વામી શ્રી સચ્ચિદાનંદ ભારતી-ધન્નાવરમ આશ્રમ તથા પ.પૂ.સ્વામી શ્રી શિવસ્વામી-સૈવક્ષેત્ર-વિજવાડા તથા વિશ્વ હિંદુ પરિષદના કેન્દ્રિય મંત્રી શ્રી દેવજી રાવત-સામાજિક સરમસતા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.



## શુભ દિપાવલી
## નૂતન વર્ષાભિનંદન

સમરસતાથી જ રાષ્ટ્ર રક્ષાના વિચારને મજબૂત કરી હિન્દુ સમાજમાં વ્યાપ્ત કુરિવાજો તથા અસ્પૃશ્યતાના કલંકને દૂર કરી સમરસ હિન્દુ સમાજનું નિર્માણ કરવામાં સહયોગ આપનારા ગુજરાત સૌ સ્નેહી મિત્રો, કાર્યકર્તા ભાઈ-બહેનો, વાચક મિત્રો તેમજ અંક પ્રકાશનમાં સહયોગ આપનારા જાહેરાત દાતાઓ, ગ્રાહક મિત્રો સૌને ''સમરસતા સેતુ'' પરિવાર દ્વારા દિપાવલીની શુભેચ્છા સાથે સૌને નૂતન વર્ષાભિનંદન.

– તંત્રી - સમરસતા સેતુ

## વિશ્વ હિન્દુ પરિષદ પૂર્વ આંન્ધ્ર પ્રદેશના વિજયવાઢા શહેર ખાતે સામાજિક સરસતાની બેઠક દિ.૬/૧૧ ના રોજ યોજાઈ.

– કન્ના ભાસ્કર-વિજયવાડા

દિ.૬-૧૧ના રોજ વિશ્વ હિન્દુ પરિષદના કેન્દ્રીય મંત્રી સામાજિક સમરસતા વિભાગના શ્રી દેવજી રાવતની ઉપસ્થિતિમાં એક બેઠકનું આયોજન વિજયવાડા ખાતે આગામી સમરસતાના કાર્ય માટે યોજવામાં આવી હતી. બેઠકમાં ૧૦ સ્થાનો પરથી ૧૨ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. અને આગામી સમરસતા અભિયાનના કાર્ય માટે યોજના-કાર્યક્રમનો વિચાર કરવામાં આવ્યો હતો. એક સમિતિ બનાવી ઘોષણા કરવામાં આવશે તેવી જાહેરાત વિશ્વ હિન્દુ પરિષદના શ્રી કન્નાભાસ્કર પ્રાંત સંમેલન મંત્રી શ્રીએ કરી હતી. બેઠકમાં મા.શ્રી.સુબ્બારાવ રેડ્ડી તથા શ્રી સદાશિવજી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રતિ શ્રી,

નોંધ :- 'સમરસતા સેતુ' માસિકમાં પ્રકાશિત લેખ અને વ્યક્ત થયેલા વિચારો તેમજ દૃષ્ટિકોણ એ સંબંધિત લેખકોના છે સંપાદક તંત્રી તેમનાથી સહમત છે એવું આવશ્યક નથી. બધા જ કાયદાકીય વિવાદ પ્રકાશન તારીખથી ૩(ત્રણ) માસની અંદર માત્ર અમદાવાદ ન્યાયાલય ક્ષેત્રમાં થઈ શકશે.